Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-28 ■ તા. 05-07-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ધર્મ ચક્ર દિવસની ઉજવણી,વડાપ્રધાને સંબોધનમાં શાંતિનો સંદેશ આપ્યો

વિશ્વ સામે રહેલા વર્તમાન પડકારોનો ઉકેલ બુદ્ધના આદર્શોમાં છે: મોદી

ભગવાન બુદ્ધે બતાવેલા માર્ગ અનેક સમાજ તેમજ રાષ્ટ્રને કલ્યાણના પથે લઈ ગયા,ભગવાન બુદ્ધનો આઠ ગણો માર્ગ સમાજ અને દુનિયાને રસ્તો દેખાડે છે, બૌદ્ધ ધર્મે અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો

ન્યુ દિલ્હી,તા.૪

સાંસ્કૃતિક મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘના અનુક્રમે ધર્મ ચક્ર દિવસની ઉજવણી કરવામાં આવી. આજના દિવસે જ એટલે કે અષાઢ પૂર્ણિમાના દિવસે ભગવાન બુદ્ધે પોતાના પ્રથમ પાંચ શિષ્યોને ઉપદેશ આપ્યો હતો. આ દિવસે સમગ્ર દુનિયામાં બૌદ્ધ ધર્માનુયાયીઓ ધર્મ ચક્ર પ્રવર્તન દિવસ તરીકે ઉજવે છે. હિંદુ ધર્મા પણ આજનો દિવસ ગુરુ પ્રત્યે સમ્માન વ્યક્ત કરવાનો હોય છે જેથી તેને ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે સવારે ૯ વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમં ધર્મ ચક્ર દિવસનું ઉદ્ઘાટન કર્યું. જે બાદ વડાપ્રધાન મોદીએ વીડિયો સંદેશ દ્વારા આ સમ્મેલન અને દેશવાસીઓને સંબોધિત કરતા કહ્યું કે બૌદ્ધ ધર્મ લોકોને પ્રત્યેક વ્યક્તિ અને પ્રકૃતિની દરેક વસ્તુ પ્રત્યે આદરભાવ શીખવે છે. લોકો માટે આદર, ગરિબો માટે આદર, મહિલાઓ માટે આદર, શાંતિ અને અહિંસા પ્રત્યે આદર આ કારણે જ બુદ્ધ દ્વારા આપવામાં આવેલ ઉપદેશ આજે પણ પ્રાસંગિક છે.

પીએમ મોદીએ ઉમેર્યું કે ગૌતમ બુદ્ધે સારનાથમાં આપેલ પોતાના પહેલા ઉપદેશમાં પછી બીજી બે મહત્વની વાત જોડી હતી તે છે આશા અને ઉદ્દેશ્ય. તેમણે આ બંને વચ્ચે એક મજબૂત સંબંધ જોયો કેમ કે આશા જ ઉદ્દેશ્યને જન્મ આપે છે. તેમણે કહ્યું કે આજના યુવાનો જ વૈશ્વિક સમસ્યાનો હલ લાવી શકે છે. ભારત પાસે સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ છે. હું મારા યુવાન મિત્રોને અપીલ કરવા માગુ છું કે તેઓ બુદ્ધના વિચારો સાથે જોડાય. પોતે પણ તેનાથી પ્રોત્સાહિત થાય અને બીજાને પણ પ્રોત્સાહિત કરે.તેમણે વધુમાં ઉમેર્યું કે અમે બુદ્ધ સાથે જોડાયેલા તમામ સ્થળો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. થોડ દિવસો પહેલા જ કેબિનેટ દ્વારા કુશીનગરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે મંજૂરી આપવામાં આવી છે. જેથી અનેક લોકો અને યાત્રીઓ આ તીર્થસ્થાને જઈ શકશે. ગૌતમ બુદ્ધના વિચારો દરેકના જીવનમાં અને આપણા ભવિષ્યમાં પ્રકાશ, એકબીજા સાથે ભાઈચારાથી રહેવાની પ્રેરણા લઈને આવે અને તેમનો આશિર્વાદ આપણને સારા કાર્યો કરવા માટે પ્રેરિત કરે.

આ તકે મંગોલિયાના રાષ્ટ્રપતિનું એક વિશેષ સંબોધન પણ વાચવામાં આવ્યું અને મંગોલિયામાં સદીયોથી સંરક્ષિત ભારતીય મૂળની એક બહૂમૂલ્ય પાંડુલિપિ ભારતના રાષ્ટ્રપતિને ભેંટ કરવામાં આવી.

ઉત્તપ્રદેશ સરકારે મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ચીની કંપનીના ટેન્ડરને ફગાવ્યુ

લખનઉ,તા.૪

ગત દિવસોમાં ગલવાન ખીણમાં હિંસક અથડામણ બાદ ભારતે આર્થિક મોરચા પર ચીનને ઘેરવાનું શરૂ કરી દીધું છે. આ જ કારણ છે કે ભારત સરકારે અનેક મોટા નિર્ણયો લીધા છે. હવે ભારત તરફથી ચીનને વધુ એક ઝાટકો આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ટેકનિકલ ખામીનાં કારણે ઉત્તર પ્રદેશ મેટ્રો રેલ કૉર્પોરેશને કાનપુર-આગ્રા મેટ્રો માટે ચીની કંપનીનાં ટેન્ડર આવેદનને ફગાવી દીધું છે.

ઉલ્લેખનીય છે કે યૂપીએમઆરસીએ કાનપુર અને આગ્રા મેટ્રો પરિયોજનાઓ હેતુ મેટ્રો ટ્રેનો પુરી પાડવી, પરીક્ષણ અને ચાલૂ કરવાની સાથે સાથે ટ્રેન કંટ્રોલ અને સિગ્નલિંગ સિસ્ટમનું ટેન્ડર બૉમ્બાર્ડિયર ટ્રાન્સપોર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડને આપ્યું હતુ. આના માટે ચીની કંપની સીઆરઆરસી નૈનજિંગ પુજહેન લિમિટેડે પણ ટેન્ડર આપ્યું હતુ, પરંતુ ટેકનિકલ ખામીનાં કારણે ચીની કંપનીને અયોગ્ય જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બૉમ્બાર્ડિયર ટ્રાન્સપોર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ એક ભારતીય કૉન્સોર્સિયમ (કંપનીઓનો સમૂહ) છે.કાનપુર અને આગ્રા બંને મેટ્રો પ્રોજેક્ટ માટે કુલ ૬૭ ટ્રેનોની સપ્લાય થશે, જેમાંથી પ્રત્યેક ટ્રેનમાં ૩ કોચ હશે, જેમાંથી ૩૯ ટ્રેનો કાનપુર અને ૨૮ ટ્રેનો આગ્રા માટે રવાના થશે. એક ટ્રેનની ક્ષમતા લગભગ ૯૮૦ હશે એટલે કે પ્રત્યેક કોચમાં લગભગ ૩૧૫-૩૫૦ યાત્રી યાત્રા કરી શકશે. યૂપીએમઆરસી દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવદન પ્રમાણે લખનૌની માફક કાનપુર અને આગ્રામાં પણ રોલિંગ સ્ટોક્સ અને સિગ્નલિંગ સિસ્ટમ માટે સિંગલ ટેન્ડર પ્રક્રિયા અપનાવી.

મહારાષ્ટ્ર બાદ તમિલનાડુમાં કોરોનાના ૧ લાખ કેસો, ચેન્નઈમાં સૌથી વધુ અસર

ચેન્નાઇ,તા.૪

દેશભરમાં કોરોનાનો પ્રકોપ સતત વધી રહ્યો છે, ત્યારે તમિલનાડુ ૧ લાખથી વધુ કોવિડ-૧૯ દર્દીઓ ધરાવતું ભારતનું બીજુ રાજય બની ગયું છે. શુક્રવારે રાજયમાં કોરોનાના ૪૩૨૯ નવા કેસો સામે આવ્યા. આ સાથે જ રાજયમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૦૨,૭૨૧ પર પહોચી ગઈ છે. જેમાં સૌથી વધુ ૨૦૮૨ કેસ એકલા ચેન્નઈ શહેરમાં જ નોંધાયા છે.

તમિલનાડુ સરકારે ૩૦ જૂને કોરોના વાઈરસના વધતા જતાં સંક્રમણને ધ્યાનમાં રાખીને ૩૧ જુલાઈ સુધી લૉકડાઉન લંબાવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે ચેન્નઈ અને કાંચીપુરમ, ચેંગલપટ્ટૂ અને થિરૂવલ્લૂવર સહિત મદૂરાઈ અને ગ્રેટર ચેન્નઈ પોલીસ સરહદમાં ૫ જુલાઈ સુધી સંપૂર્ણ લૉકડાઉન રહેશે.

તમિલનાડુમાં આ વિસ્તારોમાં કોરોનાના વધતા જતાં કેસોને જોતા રાજય સરકારે પહેલાથી જ સપ્ત લૉકડાઉન લાગૂ કર્યુ છે. જેને હવે ૫ જુલાઈ સુધી વધારી દેવામાં આવ્યું છે. અગાઉ મહારાષ્ટ્ર સરકારે ૩૧ જુલાઈ સુધી લૉકડાઉન લંબાવવાનો આદેશ આપ્યો હતો.આ અંગે કોર્પોરેશનના કમિશ્નર જી પ્રકાશના જણાવ્યા પ્રમાણે, ચેન્નઈમાં પીક દરમિયાન ૩૦ થી ૩૫ હજાર બેડની જરૂરિયાત ઉભી થઈ શકે છે. કોરોના વધતા જતાં કેસોને ધ્યાનમાં રાખીને ચેન્નઈએ માઈક્રોલેવલ પ્લાન તૈયાર કર્યો છે. જે અંતર્ગત ચેન્નઈના દરેક વૉર્ડમાં ૨૦૦ બેડનો એક કોરોના હેલ્થકેર સેન્ટર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

વીડિયો શેર કરી રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર નિશાન સાધ્યું

લદ્દાખવાસીઓ ચીની ઘૂસણખોરીને લઈ એલર્ટ રહે, તેમની અવગણના મોંઘી પડશે: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૪

ચીન સાથેના તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લેહની મુલાકાત લીધી હતી. વડાપ્રધાનની આ મુલાકાત બાદ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સરકારને લદ્દાખમાં ચીનની ઘૂસણખોરી મામલે તેના વિરૂદ્ધ પગલા લેવા વિનંતી કરી છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, દેશભક્ત લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરી વિરૂદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તેમના અવાજની અવગણના ન કરવી જોઈએ અને સરકારે તેમની વાત સાંભળવી જોઈએ.

રાહુલ ગાંધીએ એક વીડિયો ટ્વિટ કરી હતી જેમાં કેટલાક લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરીની વાત કરતા સંભળાય છે. આ વીડિયોમાં ચીનની ઘૂસણખોરી અને તેમની ગતિવિધિઓ સાથે સંકળાયેલા કેટલાક ફોટો પણ દર્શાવ્યા છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'દેશભક્ત લદ્દાખવાસીઓ ચીનની ઘૂસણખોરી વિરૂદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ બૂમો પાડી પાડીને ચેતવણી આપી રહ્યા છે. તેમની ચેતવણીને નજરઅંદાજ કરવી ભારતને મોંઘી પડી શકે છે. મહેરબાની કરીને ભારત માટે થઈ તેમને સાંભળો.'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ખાતે ચીનના કથિત આક્રમણને લઈ રાહુલ ગાંધી સતત હુમલો કરી રહ્યા છે. તેમણે શુક્રવારે પણ લદ્દાખવાસીઓ ચીને આપણી જમીન છીનવી લીધી તેમ કહે છે તેવો દાવો કર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, વડાપ્રધાન કહે છે કે કોઈએ આપણી જમીન નથી લીધી પરંતુ સ્પષ્ટ રીતે કોઈ ખોટું બોલી રહ્યું છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં કેટલાક લોકો ચીની સૈનિકો આપણા ક્ષેત્રમાં ઘૂસી ગયા હોવાનું જણાવે છે. વીડિયોમાં એક વ્યક્તિ ચીની સૈનિકો ગાલવાન ક્ષેત્રમાં ૧૫ કિમી અંદર ઘૂસી આવ્યા હોવાનું કહેતી સંભળાય છે. તેઓ આપણી જમીન પર ચીનનો કબજો વધી રહ્યો હોવાનું કહેતા પણ સંભળાય છે.

કોરોના અંગે દુનિયાને સૌપ્રથમ વખત ચીને નહીં, અમે જાણકારી આપી: વિશ્વ આરોગ્ય સંસ્થા

અનેક દેશ કોરોનાના ખોટા આંકડા આપે છે જેનું પરિણામ ખરાબ આવશે: WHO

જિનિવા,તા.૪

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોનાથી ગંભીર રીતે પ્રભાવિત હોય તેવા દેશોને જાગવાની વિનંતી કરી છે તથા ઝઘડવાને બદલે વાસ્તવિક સ્થિતિ પર ધ્યાન આપીને મહામારીને કાબુમાં લેવાની સલાહ આપી છે. સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી ડાયરેક્ટર માઈક રેયાને જીનેવા ખાતે પત્રકારોને સંબોધિત કરતી વખતે જણાવ્યું કે, લોકોએ જાગવાની જરૂર છે, આંકડા અને જમીની સ્થિતિ ખોટું નથી બોલી રહ્યા.

રેયાને જણાવ્યું કે, અનેક દેશો આંકડાથી મળતા સંકેતોને નજરઅંદાજ કરી રહ્યા છે. આર્થિક કારણોસર વ્યાપારી ગતિવિધિ શરૂ કરવાની જરૂર પડી શકે છે પરંતુ સમસ્યાને પણ નજરઅંદાજ ન કરી શકાય. આ સમસ્યાનો જાદુઈ રીતે અંત નહીં આવે.

વુના ઈમરજન્સી ડાયરેક્ટર માઈક રેયાને જણાવ્યું કે, મહામારીને કાબુમાં લેવા માટે કોઈ પણ સમય મોડો ન હોઈ શકે.

સમગ્ર દેશમાં લોકડાઉન લાગુ કરવાને બદલે ઓછું સંક્રમણ ફેલાયેલું હોય તેવા ક્ષેત્રોમાં શરતી ઢીલ આપવી જોઈએ.

પરંતુ જે ક્ષેત્રોમાં વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો હોય ત્યાં કઠોર પગલા લેવા સિવાય કોઈ વિકલ્પ નથી.

તેમણે જણાવ્યું કે, જો વિવિધ દેશો લોકડાઉન ખોલી દેશે અને તેમના પાસે વધી રહેલા કેસ સામે ડીલ કરવા કોઈ ક્ષમતા નહીં હોય તો સૌથી ખરાબ સ્થિતિ નિર્માણ પામશે. જો સ્વાસ્થ્ય વ્યવસ્થા દર્દીઓની સારવારમાં અસફળ રહેશે તો વધુ લોકો પોતાનો જીવ ગુમાવશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી મામલાના ડાયરેક્ટર માઈક રેયાને જણાવ્યું કે કેટલાક દેશોમાં કેસ વધવા પર ફરીથી કડક નિયમો અમલી કરવામાં આવે તે જરૂરી બની શકે છે.

સાથે જ તેમણે ટ્રાન્સમિશન ઘટાડવા સિવાય અન્ય રીતે વાયરસને કાબુમાં લેવો શક્ય છે તેવો સવાલ કર્યો હતો અને જો તેમ શક્ય ન હોય તો લોકડાઉન સિવાય કોઈ વિકલ્પ નથી તેમ જણાવ્યું હતું.

કોરોના વાયરસના ચેપના પ્રથમ તબક્કા વિશે ચીન પહેલા વિશ્વ આરોગ્ય સંગઠને જાણકારી આપી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું કે ચીનના વુહાનમાં ન્યૂમોનિયાના કેસ અંગે ચીને નહીં પરંતુ ચીન સ્થિત વિશ્વ આરોગ્ય સંસ્થા કાર્યાલયે જાણકારી આપી હતી. વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આરોપોને નકારવામાં આવ્યા છે. હકીકતમાં ટ્રમ્પ તરફથી વિશ્વ આરોગ્ય સંસ્થા પર આરોપ લગાવવામાં આવ્યો છે કે ડબલ્યૂએચઓ આ મહામારીને રોકવા માટે જરૂરી જાણકારી આપવામાં નિષ્ફળ રહ્યું હતું. આ ઉપરાંત વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી ચીન પ્રત્યે નરમ વલણ અપનાવવામાં આવ્યું છે.

કોરોના વાયરસનું નવુ રૂપ યુરોપથી અમેરિકામાં પહોંચ્યુ: રિસર્ચ

લંડન,તા.૪

રિસર્ચર્સની એક આંતરરાષ્ટ્રિય ટીમને કોરોના વાયરસ મામલે નવી જાણકારી હાથ લાગી છે. ગ્લોબલ સ્ટડીમાં સામે આવ્યું છે કે કોરોના વાયરસનાં નવા રૂપમાં વધારે ઝડપથી લોકોને સંક્રમિત કરવાની ક્ષમતા છે અને અત્યારે કોરોનાનાં આ જ રૂપથી મોટાભાગનાં લોકો સંક્રમિત થઈ રહ્યા છે. રિપોર્ટ પ્રમાણે રિસર્ચર્સનું કહેવું છે કે કોરોના વાયરસનું નવું રૂપ યૂરોપથી અમેરિકામાં પહોંચ્યું.નવા મ્યૂટેશનમાં સંક્રમણ ફેલાવાની વધારે ક્ષમતા છે. જો કે કોરોનાનું બીજુ રૂપ પોઝિટિવ થયેલા લોકોને પહેલાવાળા મ્યૂટેશનનાં મુકાબલે વધારે બીમાર નથી કરતુ. હવે રિસર્ચર્સ એ જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છે કે કોરોના વાયરસનાં નવા રૂપને વેક્સિનથી કાબૂ કરી શકાય છે કે નહીં. અત્યાર સુધી જે વેક્સિન પર કામ ચાલી રહ્યું છે તે કોરોના વાયરસનાં જૂના વર્ઝનનાં આધારે જ થઈ રહ્યું છે.રિસર્ચર્સે નવા મ્યૂટેશનને ઘ્૧૪ નામ આપ્યું છે. ઝીઋઋ નામનાં જર્નલમાં આ સ્ટડી પ્રકાશિત થઈ છે. સ્ટડી દરમિયાન જાણવા મળ્યું કે સંક્રમિત થનારા લોકોમાં વાયરસનાં નવા મ્યૂટેશનનો દબદબો છે.

પોલીસે દરોડા પાડીને ૧૨ જેટલા શંકાસ્પદ લોકોની ધરપકડ કરી

કાનપુર ફાયરિંગ: ગેંગસ્ટર વિકાસ દુબે પર ૫૦ હજારનું ઈનામ જાહેર

કાનપુર,તા.૪

કાનપુરમાં અથડામણ દરમિયાન આઠ પોલીસ કર્મચારીની હત્યા માટે જવાબદાર કુખ્યાત ગુનેગાર વિકાસ દુબેની જાણકારી આપનારાને ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કાનપુરના આઈજી મોહિત અગ્રવાલે શુક્રવારે આ ઈનામની જાહેરાત કરી હતી. હાલ વિકાસ દુબેનું પગેરૂં મેળવવા અનેક લોકોની ગહન પુછપરછ ચાલી રહી છે અને મોહિત અગ્રવાલે વિકાસનું ઠેકાણું જણાવનારની વિગતો ગુપ્ત રાખવામાં આવશે તેની ખાતરી આપી છે.

કાનપુરમાં ચૌબેપુર અંતર્ગતના જે થાણા ક્ષેત્રમાં હિસ્ટ્રીશીટર વિકાસ દુબેના માણસોએ આઠ પોલીસ કર્મચારીની હત્યા કરી તે થાણામાં વિકાસ વિરૂદ્ધ ૬૦ જેટલા કેસ નોંધાયેલા છે. કાનપુર ખાતેની આ અથડામણ બાદ વિકાસ દુબે યુપી પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ આરોપી બની ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર પ્રદેશ પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ બની ગયેલા વિકાસ દુબેને શોધવા માટે પોલીસ આખી રાત દરોડા પાડતી રહી. બીજી તરફ સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે કે ચૌબેપુર પોલીસ સ્ટેશનના જ એક પોલીસે જ વિકાસ દુબેને પોલીસ દરોડા પાડવા માટે આવવાના હોવાની માહિતી આપી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે વિકાસ દુબેના ફોન કોલ ડિટેલમાં કેટલાક પોલીસવાળાઓના નંબર પણ હોવાનો ખુલાસો થયો છે. જે અત્યંત આશ્ચર્ય પમાડનારી હકીકત છે. પોલીસે રાત દરમિયાન જે-જે લોકોના ઘરે દરોડા પાડ્યા હતા તે તમામ વિકાસના પરિવાર અને મિત્રોના ઘર હતા.પોલીસે મોસ્ટ વોન્ટેડ વિકાસ દુબેના ગામના અનેક ડઝન લોકોને કસ્ટડીમાં લીધા છે તથા સમગ્ર ઘટનાક્રમ અને હુમલાના માસ્ટરમાઈન્ડ વિકાસ અંગે પુછપરછની તૈયારી ચાલી રહી છે. આ સાથે જ પોલીસે આશરે ૫૦૦ જેટલા ફોન નંબર્સ સર્વિલન્સ પર લગાવ્યા છે. સમગ્ર બિકરૂ ગામમાં પોલીસની સઙ્ઘડ તૈનાતી કરવામાં આવી છે તથા ગામ અને તેની આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીનું મહત્વપૂર્ણ નિવેદન

અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ૫૦થી ૬૦ લાખ કરોડના સીધા વિદેશી રોકાણની જરુર

ન્યુ દિલ્હી,તા.૪

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે કોરોનાથી પ્રભાવિત અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ભારતને ૫૦ થી ૬૦ લાખ કરોડના સીધા વિદેશી રોકાણની જરૂર પડશે. આ રોકાણ મુખ્યત્વે માળખાગત પ્રોજેક્ટ્સ તેમજ એમએસએમઇ ક્ષેત્રમાં લાવી શકાય છે.

વિદેશી સીધા રોકાણ (એફડીઆઇ) એ સમયની જરૂરિયાત છે અને આવા ફંડથી દેશને ફાયદો થશે, કેમ કે બજારને રોકડ રકમની જરૂર પડે છે.મંદી, અણઘડ આર્થિક નીતિ અને લોકડાઉન લાગુ કરવાને કારણે આર્થિક પ્રવૃત્તિમાં ભારે અડચણ આવી છે. માર્ગ પરિવહન, ધોરીમાર્ગો અને એમએસએમઇ પ્રધાને જણાવ્યું કે, દેશને આ સમયે રોકડની જરૂર છે. રોકડ વિના આપણી અર્થવ્યવસ્થાનું ચક્ર ઝડપથી આગળ વધશે નહીં. હાઈવે, એરપોર્ટ, જળમાર્ગ, રેલ્વે, લોજિસ્ટિક્સ પાર્ક, બ્રોડગેજ અને મેટ્રો, માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગો સહિતના માળખાગત ક્ષેત્ર સિવાય. આ ક્ષેત્રમાં મોટા પાયે વિદેશી રોકાણ આવી શકે છે.તેમણે કહ્યું કે, ''એમએસએમઇ, નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ અને બેંકોમાં એફડીઆઈની જરૂર છે અમે હાઇવે ક્ષેત્રે વિદેશી રોકાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગડકરીએ વધુમાં કહ્યું કે, એમએસએમઇ સહિત વિવિધ ક્ષેત્રો માટે દુબઈ અને યુએસ. ના રોકાણકારો સાથે વાટાઘાટો ચાલી રહી છે.

નીતિન ગડકરીએ કહ્યું કે કાશ્મીર અને લદાખ ક્ષેત્ર વચ્ચે આખા વર્ષોથી જોડાણ માટેની વ્યૂહરચનાત્મકરૂપે મહત્વપૂર્ણ ઝોજિલા ટનલ પર કામ ટૂંક સમયમાં શરૂ થશે.

ઈઝરાઈલે ઈરાની છુપાયેલા સ્થળે હુમલો કર્યો અને બોમ્બ ફેંકી દીધા

ઈઝરાયેલની ઈરાન પર એરસ્ટ્રાઈક : મિસાઈલ પ્રોડક્શન સાઈટ પર એફ-૩૫ વિમાનો વડે હુમલો

જેરુસલેમ,તા.૪

ઈઝરાયેલ અને તેના ઈરાન વિરોધી ઈરાન વચ્ચેનો સાયબર હુમલો ચરમસીમાએ છે. તાજેતરની ઘટનામાં ઈઝરાયેલે મોટા પાયે સાયબર હુમલો કર્યો હતો અને ઈરાનની પરમાણુ ક્ષેત્રમાં બે વિસ્ફોટ કર્યા હતા. એક યુરેનિયમ સંવર્ધન કેન્દ્ર છે અને બીજું મિસાઈલ ઉત્પાદન કેન્દ્ર છે. એટલું જ નહીં, ઈઝરાયેલે તેના એફ -૩૫ લડાકુ વિમાનની મદદથી ઈરાનના પારચીન વિસ્તારમાં એક મિસાઈલ બનાવતાં કારખાના પર હુમલો કરી તેનો નાશ કર્યો હતો.

કુવૈતના અખબાર અલ જરિદાના અહેવાલમાં જણાવાયું છે કે ઈઝરાઈલી સાયબર એટેક પર ગુરુવારે ઈરાનના નટંઝ વિભક્ત પ્રમોશન સેન્ટરમાં ફાયરિંગ થયું હતું અને ભારે વિસ્ફોટ થયો હતો. આ આખું કેન્દ્ર ભૂગર્ભમાં બનાવવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઈઝરાઈલના આ હુમલા બાદ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હવે બે મહિના પાછો ગયો છે.અલ જરિદાએ જણાવ્યું હતું કે ગયા શુક્રવારે ઈઝરાઈલી એફ -૧૬ સ્ટીલ્થ ફાઇટર જેટએ પાર્ચિન વિસ્તારમાં આવેલા ઈરાની છુપાયેલા સ્થળે દરોડા પાડ્યા હતા. ઘણા બોમ્બ ફેંકી દીધા હતા. એવું માનવામાં આવે છે કે તે એક મિસાઈલ ઉત્પાદન કેન્દ્ર છે. હકીકતમાં, ઈઝરાઈલનું કહેવું છે કે ઈરાન સતત તેના શસ્ત્રો અને મિસાઈલોને અપગ્રેડ કરી રહ્યું છે અને તે યહૂદી વિરોધી હિઝબુલાને સપ્લાય કરી રહ્યું છે.ઈઝરાઈલ દ્વારા આ બંને હુમલાઓની પુષ્ટિ થઈ નથી. અગાઉ એવા અહેવાલો આવ્યા હતા કે ઈરાને એપ્રિલમાં ઈઝરાઈલી પાણી પુરવઠાને હેક કરવાનો પ્રયાસ કર્યો હતો. ઈરાનનો હુમલો ઈઝરાઈલના સાયબર સંરક્ષણ દ્વારા નિષ્ફળ કરવામાં આવ્યો હતો. જો ઈરાન આ પ્રયાસમાં સફળ થઈ ગયું હોત, તો પાણી હેઠળ કલોરિનનું પ્રમાણ જોખમી સ્તર સુધી વધી ગયું હોત. આખા દેશમાં પણ પાણીનું સંકટ સર્જાયું હોત.

તંત્રી લેખ

ભારત કોરોના રસી શોધમાં સફળ પરંતુ મોદીજીને મળતો યશ રોકવામાં આઈટી સેલની ભૂલ કે પછી...!?

વિશ્વભરમાં કોરોનાનો ફુફાડો દોડતોજ રહ્યો છે પરંતુ હવે તે સ્થળ બદલવા લાગ્યો છે પરિણામે વિશ્વભરમાં કોરોના કેસનો આંક ૧ કરોડ ૧૧ લાખથી આગળ વધી રહ્યો છે અને મૃતાક ૫ લાખ ૩૦ હજાર થવા તરફ આગળ વધી રહ્યો છે.ભારતમાં કોરોના સંક્રમિતનો આંક સાડા છ લાખ થવા તરફ જઈ રહ્યો છે જ્યારે મૃત્યુ આંક ૧૮,૭૦૦ એ પહોંચવાની તૈયારીમાં છે. ભારતમાં દિલ્હી, મહારાષ્ટ્ર, કર્ણાટકા, તેલંગણા, ગુજરાત રાજ્યમા કોરોના ગ્રસ્તોની સંખ્યા અને મૃતાક વધુ છે. કોરોના મહામારીને નાથવા વિશ્વ ભરના વૈજ્ઞાનિકો, તજજ્ઞો ભારે પ્રયત્નો કરી રહ્યા છે. દોઢ-બે મહિના પહેલા વિશ્વના છે જેટલા દેશોએ કોરોના મારક દવા શોધી કાઢી હોવાનો દાવો કર્યો હતો પરંતુ આજદિન સુધી દાવેદાર તરીકે કોઈપણ દેશની દવા બજારમાં આવી નથી. ત્યારે ભારતમાં કોરોના મારક દવા શોધી કાઢી હોવાનો દાવો બે કંપનીઓએ કર્યો છે. તે બંન્ને બધા પ્રકારની પ્રક્રિયામાંથી પસાર થઈ છે.હવે હ્યુમન ટ્રાયલ શરૂ થઈ છે. જે બંને દવા કંપનીઓ ૧૫ ઓગસ્ટ બજારમાં મૂકાશે તેવો દાવો પણ થઈ રહ્યો છે. આ સમાચારે દેશભરમાં આનંદનુ મોજુ ફરી વળ્યું છે. આ બે કંપની પૈકી ગુજરાતના અમદાવાદમાં આવેલ ઝાયડ્ઝ ફાર્માસ્યુટિકલ કંપની એ સંપૂર્ણ સ્વદેશી દવા તૈયાર કરી છે તો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક સાથે મળીને દવા બનાવી છે. હાલના સમયમા ગુજરાતમાં કોરોના માટેની ખાસ દવા રેમેડેસિવિર માટે અનેકો દોડી રહ્યા છે. આ દવાથી કોરોના દર્દી બચી જાય છે અને જરૂરિયાતવાળા દર્દીઓને ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા પહોંચતી કરવામા આવે છે પરંતુ લાગવગ ધરાવનારા કે વીઆઈપીને આ દવા તુરંત મળી જાય છે તેવી ફરિયાદ કોરોના ગ્રસ્ત દર્દીઓના પરિવારોને કારણે રાજ્યભરમાં ફરી વળી છે.....! હવે ભારત કોરોના નાથવાની દવા શોધવામાં વિશ્વ સ્તરે પહોંચી જશે તે નિશ્ચિત છે.... ત્યારે દેશભરમાં અનલોક-૨ જાહેર થયા બાદ જે છૂટછાટ આપી છે તેમાં અનેક મહા બેવકૂફો માસ્ક પહેરવાથી દૂર રહે છે, તો જૂથમાં માસ્ક વગર જ સાથે બેઠા હોય છે કે ફરતા રહે છે... જાણે કે કોરોના ખતમ થઈ ગયો છે પછી ડિસ્ટન્સની વાત જ ક્યા રહી....? કારણ કામના કે નોકરીના કે ધંધાના સ્થળે જતા સમયે ચાર રસ્તાથી લઈને ઠેર ઠેર વાહનોની ભીડ થઈ જતા ટ્રેફિક હવે જળવાતું નથી. જોકે શિક્ષિતો કહે છે કે ભાઈ રાજ્યસભાની ચૂંટણી પરિણામો જાહેર થયેલ ફોટા જોયા છે....? એક પણ ચૂંટાયેલ મહાનુભાવોએ કે આપણા ધારાસભ્યોએ માસ્ક પહેર્યા નથી અને સમુહમાં ઉભા હતા તો પછી ટોળામાં ડિસ્ટન્સ હોય ખરું.....? જો તેમને કોરોનાનો ડર ન હોય તો આપણે શા માટે રાખવો.....?

ભારતને ચારેતરફથી ઘેરી લેનાર કોરોના જનક ચીન પણ હવે ચારેય તરફથી ઘેરાઈ ગયું છે. જેમાં ભારતને અમેરિકા, રશિયા, જાપાન સહિતના અનેક દેશોનો સપોર્ટ મળ્યો છે. નેપાળના પીએમ ઓલી નહિ પરંતુ ત્યાંની પ્રજાએ પીએમ ઓલીનો વિરોધ કરી ભારતને આડકતરો સહયોગ આપ્યો છે. તો વડાપ્રધાન મોદીજી લેહ પહોંચી જઈને ચીનના નામનો ઉલ્લેખ સુધ્ધા કર્યા વિના જવાનોના સંબોધનમાં કહ્યું કે હવે વિસ્તાર વાદ નહીં પરંતુ વિકાસની વાતો ચાલે છે. તે રીતે ચીનને આડકતરી ચીમકી આપી પરંતુ સમગ્ર વિશ્વને લેહ પહોંચી જઈને મોદીજીએ અચંબામા મૂકી દીધુ છે.....! જોકે સ્વ.વડાપ્રધાન ઈન્દીરા ગાંધી પણ દેહ જવાનોની મુલાકાતે ગયા હતા પરંતુ મીડિયાને જાણ કરી ન હતી પછી પાકિસ્તાનના બે ઊભા ડાંડીયા કરી નાખ્યાં હતા. પરંતુ ભાજપાના આઈટી સેલ અને ગોદી મીડિયાએ લેહ મુલાકાતને સરપ્રાઈઝ કહીને પ્રચાર પ્રસાર કરવાનો મારો શરૂ કરી દીધો છે...પરંતુ સોશિયલ મીડિયામાં વાત જાણીને આશ્ચર્ય થયું હતું તેના પર પાણી ફરી વળ્યુ....સોશિયલ મીડિયામાં પ્રસારિત ફોટોમાં મોદીને જવાનોની મુલાકાતે હોસ્પિટલમાં હોય તેવું બતાવ્યું પરંતુ મોટામાં મોટી ભૂલ એ કરી છે કે જે હોસ્પિટલ બતાવી છે એક કોન્ફરન્સ હોલ છે જેમાં તાજેતરમાં ધોનીએ જવાનો સાથે ખાધું હતું. હોલમાં સામેની દીવાલ ઉપર સફેદ સ્ક્રીન દેખાય છે, તો પ્રોજેક્ટ લગાવેલો સ્પષ્ટ દેખાય છે. કોઈ પણ જવાન ને પાટાપિંડી કરેલી નથી દેખાતી, બેડ પાસે દવા કે ગ્લુકોઝ બાટલા કે તેનૉ સ્ટેન્ડ કશું જ દેખાતું નથી, અને બેડ ઉપર ક્રીજ પડે જ તે પણ દેખાતી નથી અરે એતો ઠીક પરંતૉ એક પણ ડૉક્ટર કે નર્સ પણ દેખાતા નથી તો જાણે બેડ પર બેઠેલા જવાનો યોગ કરતા હોય તેવું જણાઈ આવે છે.....!

ત્યારે આને કયા પ્રકારનો ખેલ કે પ્રોપેગન્ડા કહેવો....? તેવું આમ પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.... ત્યારે રાજકીય પંડિતોનું કહેવું છે કે બિહાર વિધાનસભા જીતવા ભાજપા આઈ ટી સેલ કરવા ગયેલા લાપસી પણ થઈ ગઈ ઘુલી જેવો ઘાટ થી ગયો છે. તો બિહાર,એમપી, દિલ્હી સહિત હિન્દી પટ્ટામાં મોટા પ્રમાણમાં આ ફોટા અને મેટર અનુસંધાને ટીકાઓનો મારો વાઈરલ થવા લાગ્યો છે. અને ફરી એકવાર પ્રજાને ગુમરાહ કરવાનો ખેલ જાહેર થઈ ગયો છે.....! તો મોદીજી પ્રત્યેની લોક લાગણીનો ગ્રાફ પણ નીચે ઉતરી ગયો છે.....! કારણ નોટ બંધીથી લઈને હાલની ચીન સુધીની વિવિધ ઘટનાઓ.....!? તો આમ પ્રજામા એક સૂચન સાથે સવાલ ફરી વળ્યો છે કે ભારતમા કાર્યરત ચાઈના બેંક પર પાબંધી કેમ નથી કરી....? અને કચ્છમાં સ્થપાનાર ચાઈનાની સ્ટીલ ફેક્ટરી માટે પ્રતિબંધ શા માટે નહીં.....?!

સુરતમાં કોરોના બેકાબુ, સરકાર એકશનમાં, બેઠકોનો ધમધમાટ યથાવત્

સુરતમાં ૧૦૦ કરોડના ખર્ચે ઊભી કરાશે બે કોવીડ હૉસ્પિટલઃ રૂપાણી

કોરોનાનું વધતું સંક્રમણ અટકાવવા માટે સુરતમાં ઉદ્યોગ બંધ કરાશે

સુરત,તા.૪

રોજેરોજ નોંધાતા કોરોનાના નવા કેસોમાં અમદાવાદની લગોલગ પહોંચી ગયેલા સુરતમાં સ્થિતિ કાબૂમાં લેવા સરકાર દોડતી થઈ ગઈ છે. સીએમ રુપાણી, ડે. સીએમ નીતિન પટેલ પણ આજે સુરતની મુલાકાતે પહોંચ્યા હતા. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિ તો કેટલાક દિવસોથી સુરતમાં જ રોકાયેલા છે, અને કોરોના નિયંત્રણની કામગીરી પર સીધી નજર રાખી રહ્યા છે. છેલ્લા લગભગ પાંચેક દિવસથી સુરતમાં રોજના ૨૦૦થી વધારે નવા કેસ નોંધાઈ રહ્યા છે. સુરતમાં કોરોના વાયરસના કેસ છેલ્લા ૧૫ દિવસથી વધારે આવી રહ્યા છે. ગકઈકાલે રેકોર્ડબ્રેક ૨૪૮ કેસ પોઝિટિવ આવ્યા. શહેર ઉપરાંત જિલ્લામાં કોરોના બેકાબૂ બન્યો છે. હીરા માર્કેટ અને હીરાના કારખાનાઓમાં કોરોના વકરતા તેને બંધ કરવાની નોબત આવી. ગાંધીનગરથી કોરોના મેનેજમેન્ટમાં ગોથું ખવાઈ ગયું હોય તેવું જણાતા પહેલાં જયંતિ રવિ દોડ્યા પરંતુ મામલો હાથ બહાર નીકળતો જણાતા રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ કમાન સંભાળી.સુરતને કોરોનાથી બચાવા માટે રૂપાણી આજે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને અધિકારીઓનો રસાલો લઈ સુરત પહોંચી ગયા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું સરકારે સુરતની સંપૂર્ણ ચિંતા અમે એક એક મિનિટ કરી રહ્યા છે. સુરતમાં કોરોનાને કેમ નિયંત્રીત કરવો તેના માટે સરકાર પુરા પ્રયત્નો કરી રહી છે. અમે અધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો અને સરકારી અને ખાનગી તબીબો સાથે મીટિંગ કરી છે. આ મીટિંગ બાદ અમે મીડિયા સામે આવ્યા છીએ. સરકાર છેલ્લા એક અઠવાડિયાથી વીડિયો કૉન્ફરન્સથી મીટિંગ કરતા આવ્યા છે. આજે અનેક નિર્ણયો કરવામાં આવ્યા છે. સુરતની કિડની હૉસ્પિટલ અને સ્ટેમસીલ હૉસ્પિટલને ઝડપથી ૧૦૦ કરોડના ખર્ચે કોવિડ હૉસ્પિટલ બને. જો ભવિષ્યમાં કેસ વધે તો આપણી પાસે તૈયારી હોય તેવી વ્યવસ્થા કરાશે. સરકાર કોરોનાને આડો હાથ આપી રોકી શકે નહીં.

ઝસ રૂપાણીએ સુરતમાં ઉદ્યોગો મામલે જણાવ્યું હતુ કે, ડાયમંડ અને ટેક્સટાઈલ ઉધોગોમાં કર્ચમારીઓમા સંક્રમણનો વધારો થયો છે જેને કારણે હીરા કારખાના અને ફેક્ટ્રરીઓ બંધ કરાશે. નિયમો ઉલ્લંઘન સામે કાયદેસરના પગલા લેવાશે. પરંતુ સરકાર હૉસ્પિટલ અને બેડની વ્યવસ્થા કરવામાં આવશે. સીએમ રૂપાણીએ જણાવ્યું કે સુરતમા હીરા ઉદ્યોગ અને ટેક્સટાઈલમાં કેસ વધી રહ્યા છે. અમારા કિશોરભાઈ અને સી.આર. પાટીલ આજે તમામ આગેવાનો સાથે મીટિંગ કરશે. જ્યાં હીરા અને ટેકસટાઈમાં સંક્રમણ વધ્યુ છે.

એનાથી સંક્રમણ ન વધે તે અંગે શું કરવું તે સાથે બેસી નક્કી કરાશે. સંક્રમણ વધતું હશે તો આપણે એને કાબૂમાં કરવું જ પડશે જે નિયમ તોડશે તે બજાર કે કારખાનાને ગમે ત્યારે બંધ કરાવી દેવાશે. લૉકડાઉન હવે ક્યારેય લાગુ નહીં થાય રૂપાણીસીએમ રૂપાણીએ જણાવ્યું કે હવે સંપૂર્ણ લૉકડાઉન ક્યારેય લાગુ નહીં થાય જયાં કેસ વધશે ત્યાં માઈક્રો કન્ટનમેન્ટ કરી અને બંધ કરવામાં આવશે.

સુરતીઓ ૧૦૪ પર ફોન કરી અને કોરોના માટે મદદ મેળવી શકશે.ઈન્ડિગોએ ૩૦ જુલાઈ સુધી વાયા સુરતથી બેંગલુરુ, ચેન્નૈ, દિલ્હી અને ગોવાની ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. હવે માત્ર ઈન્ડિગોની સુરત-દિલ્હી ફ્લાઈટ જ ચાલુ છે. સ્પાઈસજેટે પણ સુરતથી આવતી-જતી તમામ ફ્લાઈટ્સ આગામી જાહેરાત સુધી બંધ કરી દીધી છે.

સીએ યુવતીના આપઘાત કેસમાં આવ્યો વળાંકઃ પરિવારે સંજય અગ્રવાલને ઠેરવ્યા દોષિત

સુરત,તા.૪

સુરતના વરાછામાં સીએ યુવતીના આપઘાતના કેસમાં એકપછી એક વળાંકો અને પરિવારજનો આરોપ કરી રહ્યા છે. આ ઘટનામાં દોષિત આરોપી સંજય અગ્રવાલને ૧૦ વર્ષની સજા થાય તેવી પરિવારજનો અને યુવતીના પિતા માગ કરી રહ્યા છે.

પિતાએ જણાવ્યું કે આરોપી સંજય અગ્રવાલ ને ૧૦ વર્ષ ની સજા કરો. જેમ મારી દીકરીને આપઘાત કરવા મજબૂર કરી છે તેવી રીતે તેને પણ સજા અચૂક થવી જોઈએ. તમને જણાવી દઈએ કે ગત ૧ જુલાઈના રોજ વરાછામાં સીએ યુવતીએ આપઘાત કર્યો હતો.

પરિવારજનો પણ આરોપ લગાવી રહ્યા છે કે અગ્રવાલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપની માલિક સંજય અગ્રવાલે પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપતા તેમની દીકરીએ આપઘાત કર્યો હતો. આ ઘટનામાં સીએ યુવતી અન્ય કંપનીમાં સારી નોકરી મળી જતા સંજયે ધમકી આપ્યાનો પણ આરોપ લગાવ્યો હતો.

યુવતીને ન્યાય માટે સોશિયલ મીડિયામાં જસ્ટીસ ફોર સુરત ગર્લ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી છે. આ ઘટનામાં ૨૬ વર્ષની જુવાનજોધ યુવતીના આપઘાતથી પરિવારજનો ઉંડા શોકમાં ચાલ્યા ગયા છે.

સૂત્રધાર વાંકાનેરના જ્વેલર્સની શોધખોળ

૯૬.૫૦ લાખની રદ્દ થયેલી નોટ વટાવવા આવેલા બે શખ્સોની ધરપકડ

૫૦૦ની ૧૯૨૨૪ તથા ૨૦૦૦ની ૩૮ નોટ જપ્ત

રાજકોટ,તા.૪

રાજકોટમાં ૯૬.૫૦ લાખની રદ થયેલી નોટો વટાવવા આવેલા બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. બંને શખ્સોને નોટ વટાવવા મોકલનાર વાંકાનેરના જ્વેલર્સની પોલીસે શોધ શરૂ કરી હતી. મવડી પોલીસ હેડ ક્વાટર્સ પાસે સ્પિડવેલ પાર્ટી પ્લોટ પાસે ફિયાટ કારમાં બે શખ્સ પ્રતિબંધિત નોટના જથ્થા સાથે આવ્યા હોવાની હકીકત મળતાં કાઈમબ્રાંચના પીઆઈ એચ.એમ.ગઢવી, પીએસઆઈ સાખરા, હિરેનભાઈ સોલંકી, મહેશભાઈ મંડ અને દીપકભાઈ ડાંગર સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે કારને કોર્ડન કરી બંને શખ્સોને કારમાંથી ઉતારી તલાસી લેતા કારમાં રહેલા થેલામાંથી રદ થયેલી ૫૦૦ના દરની ૧૯૨૨૪ તથા તથા ૨૦૦૦ના દરની ૩૮ નોટ મળી આવી હતી. પોલીસે લુણસર ગામના હરજીવન રામજી વસિયાણી (ઉ.વ.૫૨) અને સુરતના ભીખા બાબુ નરોડિયા (ઉ.વ.૬૦)ની ધરપકડ કરી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે, વાંકાનેરમાં દાગીનાનો વેપાર કરતાં કિરણ સોનીએ ભીખા નરોડિયા મારફત પ્રતિબંધિત નોટો વટાવવાનું નક્કી કર્યું હતું. રાજકોટના કોઈ શખ્સે પ્રતિબંધિત નોટ મગાવતા ભીખા નરોડિયા સુરતથી વાંકાનેર આવ્યો હતો અને કિરણ સોનીએ તેના માણસ હરજીવનને સુરતના શખ્સ સાથે રાજકોટ નોટ સાથે મોકલ્યો હતો. વાંકાનેરના લુણસર ગામના હરજીવન વસિયાણીએ કેફિયત આપી હતી કે, પોતે તથા જ્વેલર્સ કિરણ સોની એક જ ગામના હોવાથી બંનેનો પરિચય છે.

હરજીવન વાંકાનેરમાં ખાણમાં મજૂરી કામ કરે છે. સુરતનો ભીખા નરોડિયા વાંકાનેર આવતા કિરણ સોનીએ તેના ગામના હરજીવનને બોલાવ્યો હતો અને રદ થયેલી નોટનો જથ્થો ભીખા સાથે રાજકોટ પહોંચાડવાનું કહ્યું હતું અને તે કામના બદલામાં રૂ.૨૫ હજાર આપવાની લાલચ આપી હતી. પોલીસે બંને શખ્સોની આગવીઢબે પૂછપરછ કરતાં બંને શખ્સોએ કબૂલાત આપી હતી કે, રાજકોટના શખ્સે પ્રતિબંધિત નોટ મગાવી ત્યારે રૂ.૧૫ લાખની ચલણી નોટના બદલામાં રૂ.૯૬.૫૦ લાખની રદ થયેલી નોટ આપવાનું નક્કી થયું હતું.

શંકાસ્પદ કોરોનાના ૨ દર્દીનાંમોતમાં સાચું કોણ?

ડાયાબીટીસની બીમારીના કારણે થયું દર્દીઓનું મોતઃ સ્મીમેર હોસ્પિટલ

સુરત,તા.૪

કોરોના વધતા જતા કેસને લઈએં સતત દર્દીનાં મોત થઈ રહ્યા છે ત્યારે ગતરોજ રાત્રે સુરતની મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં કોરોના જેવા ચિન્હ હોવાથી સારવાર લેતા બે દર્દી ઓક્સિજન લાઈન બંધ થતા મોતને ભેટ્યા હોવાના આરોપ સાથે પરિવાર દ્વારા હોસ્પિટલ પર આક્ષેપ સાથે હંગામો મચાવ્યો હતો. કાપોદ્રાના વૃધ્ધ અને પુણાના વૃધ્ધ સારવાર દરમિયાન અચાનક મશીન ખોટકાઈ જતા મોતને ભેટયા હોવાના આક્ષેપ તેમના સંબંધીઓએ કરતા તંત્રમાં ખળભળાટ વ્યાપી ગયો છે. શહેરમાં વિષય ચર્ચાના ચગડોળે ચઢયો છે કે શું ખરેખર સ્મીમેરમાં લાલીયાવાડી ચાલે છે? સુરતમાં કોરોના વાઈરસનાં કેસ સતત વધી રહ્યા છે ત્યારે કોરોનાની આ મહામારી વચ્ચે તંત્ર અને ખાસ કરીને હોસ્પિટલની બેદરકારી સામે આવી રહી છે.ત્યારે સુરત આવેલ મહાનગર પાલિકા સંચાલિત સ્મીમેર હૉસ્પિટલથી ગતરોજ સાંજે કાપોદ્રામાં ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષીય લીંબાભાઈ ભુસાભાઈ કાકડીયાને ગુરૂવારે શ્વાસની તકલીફ થઈ હતી અને પુણાગામના હરીકિષ્ણ સોસાયટીમાં રહેતા ૬૫ વર્ષીય નરસીંહ મોહનભાઈ માંગરોળીયાને પણ શ્વાસ સહિતની તકલીફ હતી. જેથી બંનેને પરિવારના સભ્યો સારવાર માટે સ્મીમેર હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. જયાં બંનેના આજે સાંજે મોત નીંપજયા હતા. લીંબાભાઈના સંબંધીએ કહ્યુ કે લીંબાભાઈને કોરોના જેવા ચિન્હ હોવાથી સારવાર માટે સ્મીમેરમાં દાખલ કર્યા હતા. જયાં સાંજે અચાનક ઓક્સિજન મશીન ખોટકાઈ જતા તેમને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી.બાદમાં તે મોતને ભેટયા હતા. અને તેમની નજીકમા બેડ પર સારવાર લેતા અન્ય દર્દી પણ મોતને ભેટયા હતા.આ વાત વાયુવેગે ફેલાતા સ્મીમેર તંત્રમાં દોડ ધામ થઈ ગઈ હતી જોકે બંનેવ મૃતકોના પરિવાર દ્વારા હોસ્પિટલ ની ગંભીર બેદરકારીને લઈ હૉસ્પિટલ સામે આક્ષેપ સાથે હંગામો મચાવામાં આવ્યો હતો, ત્યારે આ બાબતે સ્મીમેર હોસ્પિટલના અધિકારીએ કહ્યુ કે લીમ્બાભાઈને છેલ્લા ૧૫ વર્ષથી ડાયાબીટીસની બિમારી હતી. તેમને શ્વાસ લેવામાં વધુ તકલીફ હતી. જેથી તેમને વેન્ટીલેટર પર મૂકવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર હોવાથી તે મોતને ભેટયા હતા. જયારે નરસીંહભાઈને પણ છેલ્લા ૧૫ વર્ષીથી ડાયાબિટીસ અને ૧૦ વર્ષથી બ્લડ પ્રેશરની બિમારી હતી. તેમને શ્વાસની તકલીફ હોવાથી વેન્ટીલેટર સારવાર ચાલતી હતી.તેમની હાલત ગંભીર હોવાથી મોત થયુ હતુ.વોર્ડમાં કોઈ મશીન ખોટકાયુ ન હતુ.તેમને યોગ્ય સારવાર આપવામાં આવતી હતી.

૩૫ લાખના તોડ કેસમાં મહિલા પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

અમદાવાદ,તા.૪

મહિલા ક્રાઈમ બ્રાંચના મહિલા પીએસઆઈએ દુષ્કર્મ કેસના આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવા મામલે કોર્ટે પીએસઆઈના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. પોલીસ તરફથી કોર્ટમાં મહિલાના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. આ મામલે સરકારી વકીલના જણાવ્યા પ્રમાણે ૩૫ લાખના લાંચ લીધાનો આક્ષેપ થયો છે તેમાંથી ૨૦ લાખનો હિસાબ મળી ગયો છે. મહિલા વતી તેના સગાએ આંગડિયા મારફતે આ રકમ સ્વીકારી હતી. હજુ ૧૫ લાખનો હિસાબ મેળવવાનો બાકી છે. લાંચ માંગવા મામલે મહિલા પીએસઆઈને સાથે રાખીને તપાસ કરવાની હોવાથી સાત દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. જેમાંથી કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. નોંધનીય છે કે અમદાવાદ મહિલા પીએસઆઈ શ્વેતા એસ જાડેજાએ દુષ્કર્મના આરોપી પાસેથી પૈસા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પીએસઆઈએ આરોપી પાસેથી ૩૫ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવતા જ આ મામલે ફરિયાદ નોંધાઈ હતી. આરોપી પર બળાત્કારની બે ફરિયાદ નોંધાઈ હતી અને તે માટે આરોપીને પાસા ન કરવા ૩૫ લાખ રૂપિયા માંગ્યા હતા.આરોપીએ ટુકડે ટુકડે ૩૫ લાખ ચૂકવ્યા હતા. આરોપીએ આંગડિયા અને ચેક મારફતે પૈસા આપતા પુરાવા એકત્રિત કરી આ ફરિયાદ નોંધવામાં આવી છે. સૂત્રોનું માનીએ તો પૈસા આપ્યા બાદ આરોપીએ પીએસઆઈ સામે અરજી કરી હતી અને મોટા માથાઓની ઓળખાણથી પીએસઆઈ સામે ફરિયાદ નોંધાવી છે. આ મામલે તપાસ એસઓજીને સોપાતા એસઓજીએ મહિલા પીએસઆઈ શ્વેતા એસ જાડેજાની અટકાયત કરી હતી. મહિલા પીએસઆઈ ૨૦૧૭ની બેચમાં પીએસઆઈ તરીકે ગુજરાત પોલીસમાં જોડાયા હતા. મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજા છેલ્લા ઘણા સમયથી મહિલા ક્રાઈમ બ્રાંચના પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યા હતા. આ સમય દરમિયાન જાન્યુઆરીમાં તેઓને એક કેસની તપાસ સોંપવામાં આવી હતી. આ કેસ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનનો વર્ષ ૨૦૧૯નો દુષ્કર્મ કેસ હતો. આ દુષ્કર્મ કેસના આરોપી સામે એક નહીં પણ બે-બે બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની ફરી તપાસ મહિલા પીએસઆઈને સોંપવામાં આવી હતી. બે-બે દુષ્કર્મ કેસની તપાસના આરોપીને મહિલા પીએસઆઈએ પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો અને કાયદાકીય ધાકધમકી આપી તેને પાસામાં ધકેલી દેવાની ચીમકી આપી હતી.જો પાસા ન કરવા હોય તો ૨૦ લાખની માંગણી કરી. જેમાં ફરિયાદી સહમત થઈ જતા બળાત્કાર કેસના આરોપીએ મહિલા પીએસઆઈના કહેવાથી ૨૦ લાખ રૂપિયા જયુભા નામના શખ્સને જામજોધપુર ખાતે આંગડિયાથી મોકલી આપ્યા હતા. બાદમાં ફરીવાર બળાત્કાર કેસના આરોપીને મહિલા પીએસઆઈ બોલાવીને ધમકી આપી ફરીથી પાસા ન કરવા હોય તો ૧૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. બીજીવાર પણ દુષ્કર્મ કેસના આરોપીએ ચેક અને આંગડિયા મારફતે પૈસા ચૂકવ્યા હતા. આ આખી ઘટના થયા બાદ બળાત્કાર કેસના આરોપીએ મોટા ગજાના અધિકારીને ભલામણ કરીને મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજા સામે ક્રાઈમ બ્રાંચમાં પ્રાથમિક અરજી કરી હતી. જે આધારે ક્રાઈમ બ્રાંચે ગુરુવારે ફરિયાદ નોંધી તપાસ અમદાવાદ એસઓજીને સોંપવામાં આવી હતી.

PGVCLએ એક પરિવારને ફટકાર્યું અધધ...૯.૪૦ લાખનું બીલ

રાજકોટ,તા.૪

રાજકોટમાં પશ્ચિમ વીજ કંપનીએ એક સામાન્ય પરિવારને અધધ.. ૯ લાખ ૪૦ હજારનું બિલ ફટકાર્યુ છે. છૂટક દલાલીનું કામ કરતા અને ૨ રૂમ-રસોડુ ધરાવતા ચંદુભાઈ વાઘેલાને પીજીવીસીએલએ ૯ લાખ ૪૦ હજારનું બિલ આવ્યું છે. લોકડાઉનમાં પીજીવીસીએલએ મનફાવે તેમ બીલ આપી દીધા છે. ૨ રૂમ-રસોડાનું ૯ લાખ બિલ હોય. પીજીવીસીએલની ગંભીર ભુલ છે. જેથી હું જાતે જ પીજીવીસીએલ કચેરી ખાતે તપાસ કરવા જઈશ.ચંદુભાઈ જણાવ્યું હતું કે સામાન્ય દિવસોમાં ૨ હજારથી અઢી હજાર બિલ આવતું હોય છે. પણ આ સરકાર તો આડેધડ બિલ આપવા લાગી છે. સરકારને ગમે તેમ બધુ કવર તો કરવુને એટલે તે સામાન્ય માણસોને આ પ્રકારના બિલ ફટકારે છે. આ બિલ જોઈને તો પરેસેવો છુટી ગયો છે. હું સમગ્ર મામલે ફરિયાદ કરીશ. શનિ-રવિ હોવાથી હું સોમવારે ફરિયાદ કરવા જઈશ. અમારા આખા બિલ્ડિંગને આડેધડ બિલ આપી દીધા છે. જેથી આખા બિલ્ડિંગના લોકોને ફરિયાદ છે.

અંતરનાં આયનામાં.... (લેખાંક - ૮)

વર્ષા જાની



ક્યાં સુધી માત્ર કાનો માતર વાંચીએ?

ફુરસદ છે જ તો થોડું ભીતર વાંચીએ !

જાત સાથે છેતરપિંડી કરી કરીને જિંદગીનો

જંગ જીતનારા એટલું પણ સમજતા નથી ! કે આ જીત કેટલી ટકવાની છે?

યેનકેન પ્રકારેણ બસ ખુદનો જ ફાયદો જોવાની ટેવ પડી ગઈ છે આ જીવને તો ! એનાં માટે બીજાને ખુલ્લેઆમ છેતરવાના !

સવારના પહોરમાં દરેકે દરેક ધર્મનો વ્યક્તિ પોતાના ધંધાની શરૂઆત કરતા પહેલાં ઈશ્વર, અલ્લાહ કે પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ અચૂક કરે જ છે, જેથી કરીને આજના દિવસે પોતાનો વેપાર, વકરો સારામાં સારો થાય ! દુકાનદાર દુકાન ખોલીને ધૂપ દીપ કરતો હોય ને એ સમયે જ કોઈ ગ્રાહક આવી ચડે, જોશે કે માલિક ભગવાન ભજે છે એટલે રાહ જોશે, પછી દુકાનદાર એને જોઈતી વસ્તુ જોખીને આપે ત્યારે એમાં વજન કરવામાં ગોલમાલ કરે, જાણીજોઈને અમુક ગ્રામ ઓછું તોલે તો પછી ભગવાનને ભજવાનો શો અર્થ? ભગવાન ભજવા એ માત્ર પ્રેક્ટિકલ, દેખાડો? ફક્ત બાહ્ય આડમ્બરથી વિષેશ કશું જ નથી. કેમકે ઈશ્વર વ્યવહારમાં તો આવરી લેવામાં આવતો નથી. તમે ગ્રાહકને ઓછું આપીને છેતરો છો તો તેં ભગવાનને છેતર્યા બરાબર છે ! એનાં કરતાં તો જે વ્યક્તિ માત્ર મનોમન ઉપરવાળાને યાદ કરી જીવન વ્યવહારમાં ચોખ્ખો છે. એજ ઉત્તમ છે. શું એ વ્યક્તિ પેલાં કરતાં ચડિયાતો નથી?

ધર્મગ્રન્થો, શાસ્ત્રો, વેદ અધ્યયન ન કરનાર અભણ માણસના જીવનમાં ઘણીવાર વ્યવહાર શુદ્ધતા જોવા મળતી હોય છે! મજૂરી કરીને રોજનું પેટિયું રળી ખાનારા કામચોરી કર્યા વગર નીતિથી ચાલનાર હોય છે. અને એવા વ્યવહાર ચોખ્ખા લોકોને પછી કોઈ ધર્મ ગ્રંથ કે વેદોનો અભ્યાસ કરવાની જરૂર પડતી નથી.

ભણેલા કે અભણ વ્યવહાર જ્ઞાનમાં શુદ્ધતા, નિપૂણતા કેળવવા ટેવ પાડવી પડશે. દરેક સારી ટેવો પાડવામાં થોડી તકલીફ તો પડવાની, પણ પછી આપોઆપ શુદ્ધ વ્યવહારની ટેવ પડી જતી હોય છે ! એને ટકાવી રાખવી પણ એટલી જરૂરી બને છે. ફુરસદના સમયમાં થોડું ભીતર ડોકિયું કરતાં રહેવું જોઈએ. મન ચંચળ છે, એ ક્યારેય સ્થિર રહી શકતું નથી. ઘણીવાર બુદ્ધિ અને મન વચ્ચે હુસા તુસી, એક પ્રકારની ખેંચ તાણનો અનુભવ થતો હોય છે ! બુદ્ધિ કહેતી હોય કે કરી નાખું, જયારે મન ના પાડતું હોય ! જે જીવ મનની પાસે હારીને એનું કહ્યું કરી લે, મનને વશ થઈ જાય એ જીવ ક્યારેક પોતાની જ પ્રગતિનો બાધક બની જતો હોય ! કેમકે મન હંમેશા નબળી, ઢીલી વાતોને સમર્થન આપી છેલ્લે પાટલે બેસવાનું સ્વીકારી લેતું હોય છે. તો વળી એની સામે બુદ્ધિ પ્રતિકાર કરીને જીવનમાં પ્રગતિનો માર્ગ સ્વીકારી આગળ વધી જીવનું કલ્યાણ કરનારી બનતી હોય છે. પણ મન, બુદ્ધિના ઝઘડામાં પોતાનું કલ્યાણ, પ્રગતિ કે ફાયદો કોની વાત સ્વીકારવામાં છે? એ પણ જરા આત્મ મંથન કરી લેવું જોઈએ. અને એ મંથન માંથી નીકળતું નવનીત તંદુરસ્ત બનનારું હોવું જોઈએ, નહીં કે મનદુરસ્ત !

(ક્રમશઃ...)

વર્ષા જાની
ભાવનગર
૨૮ જૂન, ૨૦૨૦

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક